**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૬૪ ટકા

# આવતીકાલનું શ્રેષ્ઠ નિર્માણ : શિક્ષકનું સાચું સન્માન

## ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરાય I ગુરુ સાક્ષાત પરમ બ્રહ્મા, તસ્મૈ શ્રી ગુરવે નમઃ II

**૫ સપ્ટેમ્બર એટલે 'રાષ્ટ્રીય શિક્ષક દિન'. મહાન કેળવણીકાર અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણની યાદમાં તેમનો જન્મદિન આપણે ત્યાં શિક્ષકદિન તરીકે ઉજવાય છે.**

**આ સમાજનું ઘડતર કરનાર અને સમાજને સુરક્ષિત રાખવામાં મોટો ફાળો હોય તો એક શિક્ષકનો છે. આજનો દરેક વિદ્યાર્થી ભવિષ્યનો નાગરિક છે. તે સમગ્ર દેશનો આધાર સ્તંભ છે. ઈમારતનો એક પાયો છે. એ પાયાને મજબૂત કરવાનું કામ શિક્ષક કરે છે. દરેક વ્યકિતના ઘડતરમાં બે વ્યકિતઓનો વિશેષ ફાળો રહેલો છે. એક માતા છે અને બીજા ઉત્તમ શિક્ષક.**

**વર્ગખંડમાં શિક્ષકનીભૂમિકા એ ખૂબ જ મહત્વનું કાર્ય છે. કારણકે એક એક પળ વિદ્યાર્થીના જીવન સાથે જોડાયેલી હોય છે. દરેક વિદ્યાર્થીનું ભવિષ્ય શિક્ષકના હાથમાં રહેલું છે. એક સ્વાદર્શ શિક્ષક વિદ્યાર્થીના ઉમદા ભવિષ્યનો પ્રણેતા બની શકે છે. જેના જીવનનું ધ્યેય અને ધ્યેય સુધી પહોંચવાનો માર્ગ બની શકે છે. ગાંધીનગરની વિવિધ શાળાઓના શિક્ષકો, અધ્યાપકો સાથે ગાંધીનગર સમાચારે 'શિક્ષકનું સાચું સન્માન શું છે?' આ વિષય પર શિક્ષકોનો અભિપ્રાય મેળવવાનો સુંદર પ્રયાસ કર્યો છે. 'ગાંધીનગર સમાચાર' તરફથી સર્વેને શિક્ષક દિનની શુભેચ્છાઓ....**

●●●



શિક્ષકનું સાચું સન્માન એટલે શિક્ષકે તૈયાર કરેલા તેના વિદ્યાર્થીઓ સારા નાગરિક બને અને સમાજને મદદરૂપ થાય એજ સાચું સન્માન છે. તેના થકી સમાજ શિક્ષકને યાદ કરે છે.

**- જીગ્નેશ પટેલ**
**(મેનેજીંગ ટ્રસ્ટી, સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર, સરગાસણ)**

●●●



કોઈ પણ વિદ્યાર્થી તથા માતા પિતાએ જે તે શાળાના શિક્ષકોમાં શ્રેષ્ઠ માર્ગદર્શન તથા પ્રેરક વ્યકિતત્વના દર્શન કરવા એમાં જ બાળકના ભવિષ્યનું બંધારણ સમાયેલ છે. શિક્ષકોના સ્વમાનની જાળવણી એ જ એનું સાચું સન્માન છે.

**- રિચા દિક્ષિત**
**(પ્રિન્સીપાલ - ધ મધર્સ ઈન્ટરનેશનલ સ્કૂલ)**

●●●



મારી દૃષ્ટિએ શિક્ષકનું સાચું સન્માન એનામાં રહેલાં સદગુણો છે કારણકે તેમના ગુણો વિદ્યાર્થીઓ વર્ગમાં વારંવાર જોઈને જ પોતાના જીવનમાં નકલ કરીને પણ હુબહુ ઉતારે છે. વિદ્યાર્થીઓ આ સદગુણોની નકલ કરીને પણ ખરી અકકલ મેળવે છે, આબરૂ કમાય છે. સમાજમાં સન્માન અને મોભો મેળવે છે.

**- યતિન પરીખ**
**(આર.સી. પટેલ સ્કૂલ)**

●●●



મારી દૃષ્ટિએ શિક્ષકનું સાચું સન્માન તેના જ્ઞાનમાં રહેલું છે તે પોતાના વિષય પર સંપૂર્ણ પ્રભુત્વ ધરાવે છે અને સાથે સાથે તેની પાસે જ્ઞાન રજૂ કરવાની આવડત પણ હોવાથી સમાજ તેમની પાસેથી જ્ઞાન અને આવડત એ બંનેનો સીધો લાભ લઈ શકે છે. કેમ કે છેવટે તો સમાજને આ બંનેની જ જરૂર પડતી હોય છે.

**- સંજય ત્રિવેદી**
**(આર.સી. પટેલ સ્કૂલ)**

●●●



૫મી સપ્ટેમ્બર શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવે છે પરંતુ મારા મતે 'શિક્ષક દિવસ'ની સાચા અર્થમાં ઉજવણી ત્યારે જ થઈ કહેવાય કે દરેક વિદ્યાર્થી શિક્ષકે શીખવેલા નીતિમત્તાના પાઠ પોતાના જીવનમાં ઉતારે અને તે પ્રમાણેનું આચરણ પોતાના જીવન-વ્યવહારમાં કરે. એટલે કે દરેક વિદ્યાર્થી શિસ્ત-નિયમિતતા, પ્રમાણિકતા રાખે, સાચું બોલે, ચોરી ગુનાખોરી ન કરે, સ્વચ્છતા રાખે, વડીલોનું માન-સન્માન મેળવે, ભ્રષ્ટાચાર ન કરે, આતંકવાદ ન ફેલાવે તેમજ ચારિત્ર્યશીલ બની દેશનો, સમાજ અને કુટુંબનો એક સારો નાગરિક બનીને દેશને વફાદાર રહે ત્યારે જ દરેક વિદ્યાર્થીએ તેમના ગુરુને સાચું સન્માન આપ્યું ગણાશે.

**- ઉર્વશી રમેશચંદ્ર જોષી**
**(આર.જી. પટેલ કન્યા વિદ્યાલય)**

●●●



વિદ્યાર્થીમાં નૈતિક, સામાજીક, વ્યવસાયિક અને રાષ્ટ્રીય મૂલ્યોનું ઘડતર થાય અને વિદ્યાર્થી તેના જીવનમાં સફળતા પ્રાપ્ત કરી સન્માનિત થાય તે જ એક શિક્ષક માટે સાચું સન્માન છે.

**- સી.પી. રાજપુરોહિત**
**(એમ.બી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ)**

●●●

શિક્ષક એ સમાજનો ઘડવૈયો



છે. આખા સમાજનું ઘડતર કરવા માટે શિક્ષકની જરૂર પડે છે. શિક્ષક સમાજમાં સારા નાગરિકો તૈયાર કરે છે. સમાજનું ભવિષ્ય ઉજજવળ કરનાર એક શિક્ષક જ છે એટલે શિક્ષકનું સન્માન કરવું જોઈએ.

**- અશ્વિન પટેલ,**
**(પ્રિન્સિપાલ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ)**

●●●



હું એક શિક્ષક છું તેનો મને ગર્વ છે. બધા શિક્ષકો દ્વારા દરેક વિદ્યાર્થીઓ આગળ ફિલ્ડમાં જાય છે. પ્રથમ પગથિયું છે. શિક્ષકનું ગર્વનું એક કામ છે. દરેક શિક્ષકની ઉદારતા રહેલી છે. વિદ્યાર્થીઓ આગળ વધે અને સરસ કારકીર્દી બનાવે તે જ એક શિક્ષકનું સાચું સન્માન છે.

**- રિતેશ પટેલ**
**(ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ)**

●●●



શિક્ષક એટલે વિચારોની સંકુચિતતાને વિશાળતા તરફ લઈ જાય એ મહાનતમ વિભૂતિ. જીવન ઘડતરના તમામ આયામોનું જ્ઞાન મેળવી વિદ્યાર્થી શીખવાની પ્રક્રિયા પૂર્ણ કરી શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે એ જ શિક્ષકનું સાચું સન્માન છે.

**- ઉમંગ વસાણી,**
**(ડાયરેક્ટર, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ)**

●●●



સાચું શિક્ષક સન્માન એ વિશે 'મહાત્મા ગાંધી'ના શબ્દ અજવાળે કહું તો અધ્યાપક આગળના ચિલે ના ચાલે અને નવો ચીલો ચાતરી સામાજિક શિક્ષા અને દીક્ષા આપવામાં આગળ વધે ત્યારે એને સમાજનો પ્રબળ ટેકો સાંપડે એ જ સાચું શિક્ષક સન્માન છે.

**- રાજેન્દ્ર જાની**
**(એસોસિએટ પ્રોફેસર, ગુજરાત યુનિવર્સિટી)**

●●●

એક શિક્ષકનું સાચું સન્માન એ



છે કે જયારે તેમણે ભણાવેલા વિદ્યાર્થી જે તે સન્માનિત પદને પ્રાપ્ત કર્યા બાદ પણ રસ્તે મળી જાય એટલે પોતાના ગુરુના આશીર્વાદ લે શિક્ષક પૈસાને નહી સન્માન અને આદરને ચાહે છે અને તેનું સાચું સન્માન વિદ્યાર્થીઓનો મર્યાદીત પ્રેમ છે.

**- જય ઓઝા**
**(આસીસ્ટન્ટ પ્રોફેસર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી)**

●●●


જે વિદ્યાર્થીઓ પોતાના અને સમાજના વિકાસ માટે શિક્ષક દ્વારા શીખવવામાં આવતા મૂલ્યોનો અમલ



કરશે તે શિક્ષક માટે ભારે આદર હશે.

**- કમલેશ શર્મા**
**(આસીસ્ટન્ટ ટીચર, આર.જી. ગર્લ્સ સ્કૂલ)**

●●●



શિક્ષક માટે જયારે તે/તેણી જાણે છે અને જુએ છે કે તે કોઈના જીવન અથવા બહુવિધ જીવન પર અસર કરી છે તેના પુરાવા જુએ છે ત્યારે તેના માટે વધુ લાભદાયક અથવા આદરણીય કંઈ જ નથી.

**- શ્વેતા કે. શર્મા,**
**(IGCSE ટીચર, ચાઈલ્ડ ઈન્ટરનેશનલ સ્કૂલ, અડાલજ)**

●●●

શિક્ષકોનો વ્યવસાય ખૂબ જ ધીરજ અને સખત મહેનત માંગી લે છે. શિક્ષકોની ક્ષતિથી વિનાશ અને



વૃધ્ધિ બંને વિકસે છે. સાચા શિક્ષકો હંમેશા બાળકને દરેક બાબત વિશે સારી સમજ આપે છે અને વિદ્યાર્થીના મનમાં અને હૃદયમાં હંમેશા એક આદર્શ વ્યકિત હોવો જોઈએ.

**- નિખિલ પટેલ,**
**(એસ.જી. ઈંગ્લિશ મીડિયમ)**

●●●

શિક્ષક એવી વ્યકિત છે જે માત્ર શૈક્ષણિક વિષય કે કોઈ પણ અભ્યાસક્રમ શીખવતો નથી પરંતુ તે



વિદ્યાર્થીનું એકંદરે જીવન પણ બદલી નાંખે છે. શિક્ષક વિદ્યાર્થીઓના વ્યકિતત્વ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને નિરક્ષરતાના આંતરિક અંધકારને દૂર કરવાનો પ્રયાસ કરે છે. શ્રેષ્ઠ વાકય એ છે કે 'જયારે આપણે આપણા બાળકોને તેમના દ્વારા સમાવિષ્ટ તમામ સિધ્ધાંતો સાથે સફળતાપૂર્વક તેમનું જીવન જીવીએ છીએ ત્યારે આપણે તેમને સારા માનવી બનવાની અપેક્ષા રાખીએ છીએ.'

**- મિસિસ નાયર,**
**(વેદમાતા ગાયત્રી એજયુકેશન ટ્રસ્ટ-માણસા)**

# શાળા અને કોલેજોમાં શિક્ષક દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૪

શિક્ષક દિન દર વર્ષે ૫મી સપ્ટેમ્બરના રોજ મનાવવામાં આવે છે. આ દિવસ ભારનતા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનો જન્મદિવસ છે. જેનેતેમની યાદમાં શિક્ષક દિન તરીકે ઘોષિત કરવામાં આવ્યો છે ત્યારે શહેરની વિવિધ શાલા કોલેજોમાં શિક્ષક દિનની ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઈ હતી.

●●●

**ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ**



શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ શિક્ષક દિનમાં શિક્ષક તરીકે કામગીરી બજાવીને જીવનમાં શિક્ષકના મહત્વને સમજવાનો પ્રયત્ન કર્યો હતો. શાળાના ટ્રસ્ટી ડૉ. પ્રદિપ ગગલાણી તથા આચાર્ય જયોતિ ભાવસારે શાળા પરિવાર અને વિદ્યાર્થીઓને શિક્ષક દિન નિમિત્તે શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક તુષારભાઈએ કર્યું હતું.

●●●

**એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ**



શાળામાં ઓનલાઈન શિક્ષકદિનની ઉજવણી કરી હતી. જેમાં નર્સરી, જુનિયર અને સિનિયરના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં છોકરાઓએ પેન્ટ શર્ટ અને છોકરીઓએ સાડી પહેરીને શિક્ષકોનો રોલ અદા કર્યો હતો અને નાના નાના ભૂલકાઓએ ઓનલાઈન કલાસમાં શિક્ષિકાનો રોલ ભજવીને આનંદ પ્રાપ્ત કર્યો હતો.

●●●

**એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ શાળા**



શાળામાં ઓનલાઈન શિક્ષકદિનની ઉજવણી કરાઈ હતી. ધોરણ-૮ના વિદ્યાર્થીઓએ ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા. બાળકોને આ દિવસે પોતાના શિક્ષક બનેલા સહઅધ્યાયી પાસે ભણવાની ખૂબ મજા આવી હતી. શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ વિવિધ શૈક્ષણિક સાધનો દ્વારા તેમજ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓને સારી રીતે ભણાવ્યું હતું.

●●●

**રાંધેજા ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ**




શાળામાં પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોએ શિક્ષક ગણ માટે વિવિધ પ્રકારના કાર્ડ બનાવી અને શ્લોક બોલી પોતાની ભાવનાઓ વ્યકત કરી હતી.

●●●

**ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ**

શિક્ષક દિનની ઉજવણી નિમિત્તે સમગ્ર કોલેજનું શૈક્ષણિક તેમજ વહીવટીય કાર્ય કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા કરાયું હતું. શિક્ષકદિનની સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. હીના મહેતા, ડૉ. જેરામભાઈ પટેલ, ડૉ. રાકેશભાઈ પ્રજાપતિ રહ્યા હતા. જેમાં આચાર્ય તરીકે પાયલ રામીએ ફરજ બજાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં આચાર્ય ડૉ. હરિતભાઈ પટેલનો સહયોગ રહ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. કિરણભાઈ દવે, ડૉ. જયોતિ પંચાલ તથા અરૂણભાઈ ગાવિત દ્વારા કરવામાં આવ્યું હતું.

●●●

**વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ**




સ્કૂલ ના બાળકો એ શિક્ષક બની અને અલગ-અલગ કલાસમાં અલગ-અલગ વિષયો લઈ બાળકોને ખૂબ સારી રીતે ભણાવ્યા હતા. પોતાની આગવી શૈલીમાં પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા બાળકોને જ્ઞાન પીરસ્યું હતું. ત્યારબાદ બાળકો તથા વાલીઓ એ પોતાના શિક્ષકોને બિરદાવતા વિડિયો મેસેજીસ શેર કર્યા હતા અને શિક્ષકોનો આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ બાળકોને જીવનમાં પ્રેરણા આપે તેવું એક સુંદર મજાનું મુવી બતાવવામાં આવ્યું હતું. આખા કાર્યક્રમ દરમ્યાન વાલીઓનો ખૂબ જ સહકાર સાંપડ્યો હતો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

●●●

**સરસ્વતી વિદ્યાલય**

શાળાના વિદ્યાર્થીઓએ આચાર્ય, શિક્ષક, વહીવટકર્તા તેમજ સેવક



તરીકેની કામગીરી કરી હતી. જે તે વિષયના શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ વર્ગમાં ખૂબ જ અસરકારક રીતે કામગીરી બજાવી હતી. ધોરણ ૧ થી ૫માં વિદ્યાર્થીઓએ પોતાની રસ રુચિ પ્રમાણે જેતે વિષયના શિક્ષકની ભૂમિકા ભજવીને ઓનલાઈન વિડિયો મોકલ્યા હતા. શાળાના આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષકદિનના મહત્વ વિશે માર્ગદર્શન અપાયું હતું.

## જન્મદિને વધામણી



વિનોદભાઈ સી ત્રિવેદી
મો. ૯૮૯૮૦ ૦૬૪૯૩



વલ્લભભાઈ દેસાઈ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૪૨૬૫ ૫૨૨૭૯



હિતેષ શ્રીમાળી
મો. ૯૧૦૬૬ ૧૫૨૧૯




પ્રફુલ દરજી



હર્ષ ગેડિયા
મો. ૯૫૫૮૮ ૯૦૮૧૫



વજરાજસિંહ ખુમાનસિંહ રાઠોડ



જૈનિલ મનિષ ખત્રી



વેદ ધ્રૂપદ વ્યાસ
મો. ૮૪૫૨૦ ૪૨૭૮૨



રીશા રાજીલ ઠક્કર




સાગર કુલદીપ બી
મો. ૯૦૩૩૫ ૦૩૨૨૧



રિધમ એસ વાઘેલા
મો. ૯૪૦૯૫ ૩૩૩૧૮



મહંમદરૂહાન દિલશાદહુસેન શેખ



સ્મિત વાગોસણા



હર્ષિલકુમાર ડી સોલંકી
મો. ૯૯૦૪૬ ૩૧૧૦૬

# પીપળજથી ૧૭ વર્ષિય કિશોર ગુમ થતા અપહરણની ફરીયાદ

ગાંધીનગર, તા.૪

પીંપળજ ગામના કાન્તીજી જેણાજી ઠાકોરનો ૧૭ વર્ષિય દિકરો ગુમ થઈ જતા તેઓએ પેથાપુર પોલીસ મથકે દિકરાના અપહરણ અંગે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક આવેલા પીપળજ ગામે રહેતા કાન્તીજી જેણાજી ઠાકોર (ઉં.૫૫) ખેતીકામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે કાન્તીજીના પરિવારમાં બે દિકરા અને બે દિકરીઓ છે. દિકરીઓ બોરીજ પરણાવી છે. જયારે મોટો દિકરો ધર્મેશ અને નાનો દિકરો ૧૭ વર્ષિય અજય ખોડીયાર મંડપ ખાતે કામઅર્થે જતો હતો. પરંતુ ગત તા.૧૮ ઓગસ્ટના રોજ રાત્રીના સાડા નવ વાગ્યાના અરસામાં ઘરના સભ્યો સુઈ ગયા હતા. ત્યારે સવારે તા.૧૯ ના રોજ સવારે ૫ વાગે કાન્તીજી જાગી જતા તેમની પત્નીના બાજુમાં ખાટલામાં સુઈ રહેલો તેમનો દિકરો દેખાયો ન હતો. જેથી પત્ની અને દિકરાને પુછતા ધર્મેશે જણાવ્યું કે રાત્રીના એક વાગે પાણી પીવા માટે ઉઠ્યો હતો તે સમયે અજય ખાટલામાં સુઈ રહ્યો હતો. ત્યારબાદ પરિવારના સભ્યોએ ભેગા મળીને મહોલ્લા, સગા-સંબંધીઓને સહિત મિત્રોના ઘરે તપાસ કરી હતી.પરંતુ ક્યાય સગીરનો પત્તો મળ્યો ન હતો.ત્યારે શ્રાવણ માસને અનુલક્ષી ગામમાંથી પાવાગઢ, અંબાજી અને ડાકોર સહિતના ધર્મ સ્થાનો પર પગપાળા સંઘ જતા હોવાથી દિકરો ચાલતો સંઘમાં ગયો હશે. તેમ માનીને પરિવારજનોએ ડાકોર, અંબાજી, પાવાગઢ સહિતના સ્થાનો પર તપાસ કરી હતી. પરંતુ દિકરો મળી આવ્યો ન હતો. જયારે અજય શરીરે પાતળા બાંધાનો, રંગે શ્યામવર્ણ, મોઢુ લંબગોળ અને ઉંચાઈ ૫ ફુટ પાંચ ઈંચ છે.જયારે શરીરે વાદળી કલરનો ચડ્ડો, તેમજ ગુલાબી કલરની ડીઝાઈન વાળો શર્ટ, પહેરેલ છે. જયારે કિશોર ધોરણ-૯ સુધી અભ્યાસ કર્યો છે, તેમજ તેના જમણા હાથે છુંદણા થી અજય કોતરાવેલ છે. જયારે બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે કાન્તીજીની ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.